Seat No. : _______________

# AF-119

**April-2016**

**B.A., Sem.-VI**

**CC-315 : Gujarati**

**(EA : ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) જમણી તરફના આંક ગુણ દર્શાવે છે.
(2) સૂચના પ્રમાણે જ ઉત્તર આપો.
(3) પ્રૂફ વાંચન કરી પેજને સીટનંબર લખી ઉત્તરવહી સાથે જોડો.

1. ટૂંકીવાર્તા સ્વરૂપની વિભાવના સમજાવી, તેની મુખ્ય લાક્ષણિકતાઓની ચર્ચા કરો. **14**

**અથવા**

ગુજરાતી ટૂંકીવાર્તાના ઉદ્‌ભવ અને વિકાસનું ઉદાહરણ સહિત આલેખન કરો.

2. 'બાહ્ય પાત્ર વ્યક્તિત્વ આલેખવા કરતાં આંતર વ્યક્તિત્વ આલેખવામાં ચેખોવ કુશળ છે.' – આ વિધાનનું 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'ને આધારે મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

'ચેખોવની વાર્તાઓમાં જે કંઈ નવા પરિમાણ થયેલાં જોવા મળે છે એ એની શૈલીને કારણે.' – આ વિધાનની સમીક્ષા કરો.

3. વિવેચનાત્મક નોંધ લખો : (કોઈપણ **બે**) **14**
(1) 'વાન્કા'માં બાળમાનસનું દર્શન
(2) સ્ત્રી હૈયાની લાગણી અને માનવમનમાં અંતરતમ સ્તરોને ખોલતી વાર્તા તરીકે 'મીઠડી'નું રસદર્શન કરાવો.
(3) 'વોર્ડ નં. 6'માં ઈવાનનું પાત્ર
(4) 'કાંચડો' વાર્તામાં અમલદારશાહી

4. યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : **14**
(1) ગુજરાતી ભાષાના પ્રથમ વાર્તાકારનું નામ જણાવો.
(નંદશંકર મહેતા, કંચનલાલ મહેતા, ધૂમકેતુ)
(2) ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાનો પ્રવેશ કયા યુગમાં થયો ?
(સુધારકયુગ, ગાંધીયુગ, સાક્ષરયુગ)
(3) ટૂંકીવાર્તાને 'Prose Tale' તરીકે કોણ ઓળખાવે છે ? (ચેખોવ, મોપાંસા, એડગર એલન પો)

(4) ટૂંકીવાર્તામાં ઘટનાતત્ત્વના હ્રાસની વિચારણા કોણે આપી ?

(ચંદ્રકાંત બક્ષી, સુમન શાહ, સુરેશ જોષી)

(5) એન્તન ચેખોવનો જન્મ કયા વર્ષે થયો હતો ? (1860, 1861, 1862)

(6) ચેખોવ કયા દેશના વાર્તાકાર છે ? (ભારત, ફ્રાન્સ, રશિયા)

(7) ચેખોવના પિતાનો વ્યવસાય શું હતો ? (વકીલાત, વેપાર, શિક્ષક)

(8) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'માં ડૉ. રાગીનનું પાત્ર કઈ વાર્તામાં આવે છે ?

(ઈસ્ટરની રાતે, વોર્ડ નં. 6, વાન્કા)

(9) 'વાન્કા' વાર્તામાં આવતા મોચીના પાત્રનું નામ શું છે ? (અલ્યાખીન, ઓકુમેલોફ, પાશા)

(10) 'વોર્ડ નં. 6' વાર્તા વાંચીને કોણ અસ્વસ્થ થઈ ગયું હતું ? (પુતિન, લેનિન, હિટલર)

(11) કઈ વાર્તાને વિશ્વની સૌપ્રથમ ટૂંકીવાર્તા ગણવામાં આવે છે ?

(પેટ્રીઓટ, ઓવરકોટ, પેકાર્ડનો પ્રવાસ)

(12) 'મારું બાળપણ બાળપણ જ નહોતું, જુલ્મ અને જૂઠાણાંએ એને એટલી હદે વિકૃત બનાવી દીધું હતું કે એ દિવસો યાદ કરતાંય હું ત્રાસથી કંપી ઊઠું છું' – આ વિધાન કોના માટે સંદર્ભે કહેવાયું છે. (એડગર એલન પો, એન્તન ચેખોવ, એઝરા પાઉન્ડ)

(13) એન્તન ચેખોવને કયો રોગ લાગું પડ્યો હતો ? (કેન્સર, ક્ષય, લકવા)

(14) એન્તન ચેખોવનું અવસાન કઈ સાલમાં થયું ? (1904, 1903, 1901)

5. પ્રૂફ રીડિંગ કરો : **14**

## શુદ્ધ પેરેગ્રાફ

ગ્રીષ્મની લાંબી ઉકળાટભરી બપોરો પછી, ખંડને હળુહળુ આવરતા અને એક ભીની ઉદાસી અને દૂર ખોવાયેલી મધુરપના અજંપ જેવા ઢળતા શિથિલ ઓળાઓની વચ્ચે હવે નિજને એકલો અનુભવતો નહોતો. કેટલાક દિવસથી ખંડના એક ખૂણાના પડછાયા મહીં કશુંક સળવળતું રહેતું હતું ! પડછાયા મહીં પડછાયા, અનુકંપાભર્યા, અનુકંપાભર્યા, મારી વ્યથા, મારી ઘેલછા, મારી હતાશા અને મારા આક્રોશને અનુસરતા. જાણે કે મારા સમગ્ર આવેશમાંથી નીપજ્યા હોય કે હવે નીપજી રહ્યા હોય તેવા, મને જોતા અને મારો પીછો કરતા, હું એમના ભણી વળું ત્યાં સુધી.

હું ખૂણાની નજીક સર્યો, એક પછી એક પ્રયત્ને. મારા આવેશમાંથી નીપજેલા પેલા પડછાયાને પિછાણવા અને હળવે હળવે તેની સાથે વાતે વળગવા.

## (માત્ર અંધ વિદ્યાર્થીઓ માટે)

5. ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) **14**

(1) લેખક-પ્રકાશક-વાચક એમ ત્રિપક્ષે પ્રૂફરીડિંગ ફાયદાકારક છે. – સમજાવો.

(2) પ્રૂફ રીડિંગમાં કમ્પ્યૂટરની ઉપયોગિતા

(3) પ્રૂફ વાચનની પદ્ધતિ

(4) પ્રૂફ વાચકની મર્યાદાઓ

અશુદ્ધ પેરેગ્રાફમાં પ્રૂફ સુધારી એને ઉત્તરવહી સાથે જોડો. (14 ભૂલો સુધારો)

**કેન્દ્ર** ____________________ **પરીક્ષાર્થીનો બેઠક નં.** __________

**નિરીક્ષકની સહી** ___________ **તારીખ :** ___________________

## ભૂલવાળો પરિચ્છેદ

ગ્રિસ્મની લાં બી ઉકળાટભરી બપોરો પછીછી, ખંડને હળુહળુ અવતરતા અને એક મીની
ઉદાસીને દુર ખો વાયેલી મધુરપના અજંપ ઠળતા શિથીલ કોળાઓનીવચ્ચે હવે નીજ ને એકલો
અનુભવતો નહોતો. ચેટલાક દીવસ થી એક પાણાના પટછાયા મહીં કશુંક ટળવળતું રહેતું હતું.
પડછાયા મહીં પડછાયા, અનુકંપાભર્યા, અનુકંપાભર્યા મારી વ્યથા, મારી ઘે લ છા, મારીહ તાશા
અને મારા આક્રોશને અનુસરતા. જાણે કે મારા સમગ્ર આ વેશમાંથી હોય નીપજ્યા કે નીપજી રહ્યા
હોય હવે તેવા, મને જોતા અને મારો પીછો કરતાં. હું તેમના ભણી ગળું ત્યાં સધી. હું ખૂણાની નજી
ક ફર્યો, એક પછી એક પ્રયત્ને મારા આવેગમાંથી નિપજેલા હેલા પછડાયાને પછાડવા અને હળવે
હળવે તેની સાથે નાતે વળગવા.

Seat No. : _______________

# AF-119

**April-2016**

## B.A., Sem.-VI

## CC-315 : Gujarati

## (EB : Satyana Prayogo – Gandhiji)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ તેની સામે દર્શાવેલ છે.

1. આત્મકથાનું સાહિત્ય સ્વરૂપ સમજાવી, તેનાં વ્યાવર્તક લક્ષણોનો પરિચય કરાવો. **14**

**અથવા**

ગુજરાતી આત્મકથા સ્વરૂપના મુખ્ય સર્જકો અને તેમની કૃતિઓનો પરિચય કરાવો.

2. 'સત્યનાં પ્રયોગો' આત્મકથાનું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

'સત્યના પ્રયોગો'ને આધારે ગાંધીજીનાં વ્યક્તિત્વનો પરિચય કરાવો.

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **14**
   (1) ગાંધીજી અને સત્ય
   (2) 'સત્યના પ્રયોગો' શીર્ષકની યથાર્થતા
   (3) 'સત્યના પ્રયોગો'માં ગાંધીજીનું આત્મ-નિરીક્ષણ
   (4) 'સત્યના પ્રયોગો'ની ગદ્યશૈલી

4. (અ) યોગ્ય જોડકાં જોડો : **7**

| | **A** | | **B** |
|---|---|---|---|
| (1) | અબ્દુલ કલામ | (a) | અડધે રસ્તે |
| (2) | મણિલાલ દ્વિવેદી | (b) | બાંધ ગઠરિયાં |
| (3) | નર્મદ | (c) | રેવન્યૂ સ્ટેમ્પ |
| (4) | કનૈયાલાલ મુનશી | (d) | આત્મકથા |
| (5) | ચંદ્રવદન મહેતા | (e) | મારી હકીકત |
| (6) | ઈન્દુલાલ યાજ્ઞિક | (f) | આત્મવૃત્તાંત |
| (7) | અમૃતા પ્રીતમ | (g) | અગનપંખ |

(બ) ખાલી જગ્યા પૂરો : **7**

(1) ગાંધીજીનાં પિતાનું નામ ________ હતું.

(2) 'એક પુસ્તકની જાદુઈ અસર' પ્રકરણમાં ________ પુસ્તકની વાત છે.

(3) ગાંધીજીએ અમદાવાદ પાસે ________ ગામે આશ્રમ સ્થાપ્યો.

(4) બાળપણમાં ________ નાટક જોઈને એમાંની સચ્ચાઈની ભાવનાને ગાંધીજીએ જીવનમાં ઉતારી હતી.

(5) 'સત્યના પ્રયોગો' આત્મકથામાં ગાંધીજીએ ________નાં પ્રયોગો કર્યા છે.

(6) 'મરણ પથારીએ'માં __________ ની ગંભીર માંદગીના સંસ્મરણો આલેખાયાં છે.

(7) ગાંધીજી __________ ને શ્રીમદ્ રાજચંદ્ર તરીકે ઓળખતા હતા.

5. કોઈપણ **એક** વિષય પર નિબંધ લખો : **14**

(1) મારું પ્રિય પુસ્તક

(2) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રેમલક્ષણા ભક્તિ

(3) સાહિત્ય અને સમાજ

**અથવા**

મૂળ પરિચ્છેદનો આધાર લઈ ભૂલોવાળા પરિચ્છેદનું પ્રૂફ રીડિંગ કરો. પ્રૂફ રીડિંગના પરિચ્છેદવાળું પેઈજ (પૃષ્ઠ) ઉત્તરવહી તરીકે તમારી ઉત્તરવહીના અંતે જોડી દો.

**મૂળ પરિચ્છેદ**

**મંથન અને નવનીત**

"સંધ્યાટાણે-આરતીટાણે, મંદિર દ્વારેથી સંભળાતો ઝાલરનો રણકાર કે ઘંટારવ ચિત્તને ભક્તિભાવથી ભરી દે છે, અને બે ઘડી આપણે ઈશ્વર-સ્તવનમાં લીન થઈ જઈએ છીએ. મસ્જિદમાંથી આવતો કોઈ ખુદાપરસ્ત મોલવીની આઝાનનો બુલંદ અવાજ સાંભળી પલભર પાક પરવરદિગારની યાદમાં અદબથી મસ્તક ઝૂકી જાય છે. જ્યારે આપ્તજનોને આપણાથી અળગા કરતી મહાકાળીની ચીસ સંભળાય છે ત્યારે કાળજું કંપી ઊઠે છે. આપણે બેબાકળાં થઈ જઈએ છીએ, હૈયું અસહાય થઈને બે ઘડી રુદન કરી લે છે - આંસુ સારી લે છે. ઘડીપલના આ બધા ખેલ છે."

## (માત્ર અંધ વિદ્યાર્થીઓ માટે)

5. ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **14**

(1) પ્રૂફ રીડિંગની વિવિધ સંજ્ઞાઓ

(2) પ્રૂફ રીડરની જરૂરી સજ્જતા

(3) ગુજરાતી છાપખાનાનું મહત્ત્વ

(4) કોમ્પ્યુટર રાઈઝ્ડ પ્રૂફ રીડિંગની આવશ્યકતા

કેન્દ્ર ____________________ પરીક્ષાર્થીનો બેઠક નં. __________

નિરીક્ષકની સહી ___________ તારીખ : ___________________

## ભૂલવાળો પરિચ્છેદ

## મંથન અને નવનિત

"સંધ્યાટાણે આરતીટાણે મંદીર દ્વારેથી સંભળાતો જાલરનો રણકાર કે ઘંટારવ ચિતને ભક્તિ ભાવથી ભરીદે છે. અને બે ઘડી ઈશ્વર ઈશ્વર સ્તવનમાં લીન થઈ જઈએ છીએ. મસ્જિદમાંથી અપાતો કોઈ ખૂદાપરસ્ત મોલવીની અજાનનો બુલદ અવાજ સાંભળી પલભર પાક પરવરદિગારની યાદમાં અબદથી મસ્તત ઝૂકી જાય છે જ્યારે આપજનોને આણપાથી અળગા કરતી મહાકાળની ચિસ સંભળાય છે. ત્યારે કાળંજુ કંપી ઉઠે છે. આપણે બેબાકળા થઈ જઈએ છીએ.

હૈયું અસહાય થઈને બે ઘડી રૂદન કરીલે છે. આંસુ સારી લે છે. ઘડીભરના આ બધા ખેલ છે.